
# કનકેશ્વરી માતાનું મામેરું

જલંધર તટેથી પશ્ચિમ તરફ આગળ જતાં દરિયા કિનારે આવેલ ખડકના ભૂગર્ભમાં કનકેશ્વરી માતાનું મંદિર આવેલ છે, જે કનકાઈ મંદિર તરીકે પણ પ્રસિદ્ધ છે. બસો થી ત્રણસો વર્ષો પુરાણું આ સાર્વજનિક મંદિરનું ક્ષેત્રફળ ૨૫૦ થી ૩૦૦ ચોરસ મીટર છે.




શ્રી કનકેશ્વરી માતાજીનું મંદિર. છબી સૌજન્ય શ્રીમાન કીર્તિકુમાર અમતૃલાલ સોલંકી.

કહેવાય છે કે ખડકમાંથી માતા કનકેશ્વરીની પ્રતિમા તૈયાર કરવામાં આવેલ છે, જેમનું મુખ ઉત્તરાભિમુખ છે. દરિયામાં ભરતીના સમયે સમુદ્રનું પાણી સીધું મંદિરમાં આવે છે જેથી તે સમયે મંદિરમાં પ્રવેશી શકાતું નથી. દીવ દરિયા ખેડુનું ગામ હોવાથી પરદેશ જનારા લોકો જયારે સફરે જતાં ત્યારે પહેલાં પોતાની સફરની સકુશળતાર્થે માતાજીની પૂજા અર્ચના અને પ્રાર્થના કરતાં.

અખા ત્રીજના દિવસે મેળો ભરાય છે ત્યારે ગામના લોકો મોટી સંખ્યામાં અહીં દર્શનાર્થે આવે છે.




શ્રી કનકેશ્વરી માતાજીનું મંદિર. છબી સૌજન્ય શ્રીમાન.  છબી સૌજન્ય શ્રીમાન કીર્તિકુમાર અમતૃલાલ સોલંકી.

વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ જેઠ સુદ પૂનમના રોજ ભક્તિભાવપૂર્વક કનકેશ્વરી માતાના મામેરાંનો પ્રસંગ ઉજવે છે. ગામમાંથી પગપાળા નીકળી ઓચ્છવ કરતાં કરતાં તેઓ કનકેશ્વરી માતાના મંદિરે પહોંચે છે. ત્યાં માતાજીને ચુંદડી તેમજ તમામ શણગારની વસ્તું ભેટસોગાદરુપે અપર્ણ કરી શ્રદ્ધાપૂર્વક પૂજા અર્ચના કરે છે.






કનકેશ્વરી માતાને ભેટસોગાદરુપે અપર્ણ કરવામાં આવતી  ચુંદડી તેમજ તમામ શણગારની વસ્તું સાથે લઈ જ્ઞાતિબંધુઓ શ્રી માતા હિંગળાજ પ્રેરણાધામમાંથી ઓચ્છવ કરતાં કરતાં કનકેશ્વરી માતાના મંદિરે જવાની તેઓની યાત્રા શરૂ કરે છે. છબી સૌજન્ય શ્રીમાન કીર્તિકુમાર અમતૃલાલ સોલંકી.



જ્ઞાતિબંધુઓ ગામમાંથી પગપાળા નીકળી ઓચ્છવ કરતાં કરતાં કનકેશ્વરી માતાના મંદિરે પહોંચે છે.  છબી સૌજન્ય શ્રીમાન કીર્તિકુમાર અમતૃલાલ સોલંકી.



કનકેશ્વરી માતાના મંદિરના પ્રાંગણમાં પાડેલી આ છબીમાં જ્ઞાતિબહેનો જોવા મળે છે.  છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.



ખડકના ભૂગર્ભમાં કનકેશ્વરી માતાની સુંદર પ્રતિમા. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.



જ્ઞાતિબંધુઓ માતાજીને ચુંદડી તેમજ તમામ શણગારની વસ્તું ભેટસોગાદરુપે અપર્ણ કરી શ્રદ્ધાપૂર્વક પૂજા અર્ચના કરે છે.  છબી સૌજન્ય શ્રીમાન કીર્તિકુમાર અમતૃલાલ સોલંકી.



જ્ઞાતીબંધુઓ કનકેશ્વરી માતાના મંદિરના પ્રાંગણમાં બેઠેલાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.

હિંગળાજ માતાનું મામેરું, તોતળા દેવીનું મામેરું તેમજ કાળિંગણીં માતાનું મામેરું અશાઢ સુદ આઠમે ઉજવવામાં આવે છે.

# તોતળા દેવીનું મામેરું



આ તસવીરમાં તોતળા દેવી માતાના દર્શન થાય છે.  છબી સૌજન્ય શ્રીમાન અનિલ અનંતકુમાર





તોતળા દેવીના મામેરાંના પ્રસંગે જ્ઞાતીબંધુઓ ઓચ્છવ કરતાં જોવા મળે છે. તોતળા દેવી મંદિરના ચોકમાં જ્ઞાતી મહિલાઓ ઓચ્છવનો આનંદ લેવા આતુર બેઠેલાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન  અનિલ અનંતકુમાર.

# કાળિંગણીં માતાનું મામેરું





જ્ઞાતિબંધુઓ વાજતે ગાજતે કાળિંગણીં માતાના મંદિરે પહોંચે છે. મા કાળિંગણીંના ચરણે મહિલાઓ શ્રીફળ, કંકુ, ચૂંદડી તેમજ પ્રસાદ ચડાવવા માટે લાવે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



કાળિંગણીં માતા. છબી સૌજન્ય શ્રીમતી તરુણા મોતીચંદ.

હિંગળાજ માતાનું મામેરું



કુંભારવાડા માર્ગ પર સ્થિત મંદિરમાં હિંગળાજ માતાની સુંદર પ્રતિમા.  છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



ઝાંપા માર્ગ પર સ્થિત મંદિરમાં હિંગળાજ માતાની સુંદર પ્રતિમા.



શ્રી દરજી જ્ઞાતિ હિંગળાજ વાડી સ્થિત હિંગળાજ માતાની સુંદર પ્રતિમા.  છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.

સંકલનકર્તા

દીપક કનકસિંહ

શ્રીમાન કીર્તિકુમાર અમતૃલાલ સોલંકી, શ્રીમાન અનિલ અનંતકુમાર, શ્રીમાન વિજય કુમળદાસ, શ્રીમતી માલિની રતિલાલ અને શ્રીમતી તરુણા મોતીચંદનો વિવરણાત્મક છબીઓ મેળવી આપવા બદલ ખૂબ ખૂબ આભાર.